શહેરમાં શ્રીકાર વર્ષા : ૨૪ કલાકમાં ૩ ઈંચ વરસાદ

શહેરમાં હીલ સ્ટેશન જેવો નઝારો : આકાશમાં ગોરંભાયેલા વરસાદી વાદળો વચ્ચે શનિવારે આખી રાત વરસાદી ઝાપટા યથાવત : આજે પણ દિવસ દરમિયાન એક ઇંચથી વધુ વરસાદ : સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા : અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી : માર્ગો આસપાસ ગાબડા પડતા જોખમી સ્થિતિ : નગરજનોએ રજાના દિવસે આહલાદક વરસાદી નઝારાની મજા લીધી

ગાંધીનગર તા ૨૩

શહેરમાં છેલ્લા બે ત્રણ દિવસથી વરસાદી મોસમ નિખરી છે. બે દિવસ અગાઉ સવારે મેઘરાજાના તોફાની મિજાજ બાદ ગઈકાલે દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમર વરસાદ વરસ્યો હતો. જયારે રાત્રિના સમયે આકાશમાં ઘેરાયેલા વરસાદી વાદળો મનમુકીને વરસ્યા હતા. આખી રાત વરસતા હળવા ભારે વરસાદી ઝાપટાના અંતે સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. જયારે આજે દિવસ દરમિયાન પણ મેઘમહેર યથાવત રહેતા છેલ્લા ૨૪ કલાકમાં ૩ ઈંચ વરસાદથી નગર આખુ પાણી પાણી થઈ ગયુ હતુ. વરસાદી વાયરા વચ્ચે શહેરમાં ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી થવાની સાથે મોટામસ ગાબડા પણ અસ્તિત્વમાં આવ્યા હતા. શહેરમાં સિઝનનો કુલ ૨૮.૫ ઈંચ વરસાદ થયો છે. દરવર્ષના સરેરાશ મુજબ શહેરમાં નોંધપાત્ર વરસાદ થઈ ગયો છે.

શહેરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી વરસાદી મોસમ નિખરી છે. બે દિવસ અગાઉ સવારે મેઘરાજાના તોફાની મિજાજ બાદ ગઈકાલે દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમરિયો વરસાદ વરસ્યો હતો. જયારે રાત્રિના સમયે આકાશમાં વરસાદી વાદળોના ઘેરાવ વચ્ચે અચાનક જ ધોધમાર વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ રાત્રિ દરમિયમાન વરસાદની ધમાકેદાર એન્ટ્રીની સાથે સવાર થતા જ શહેરના સેકટરોમાં વરસાદી પાણી ઉભરાયા હતા. આખી રાત વરસાદ વરસતા સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. રાત્રિ દરમિયાન પોણા બે ઈંચ વરસાદ થયો હતો. જયારે આજે સવારથી પણ વરસાદી ભીંજારા વચ્ચે મેઘમહેર યથાવત રહી હતી. સવારે વાદળિયા વાતાવરણ વચ્ચે આકાશી નઝારો નિખર્યો હતો. નગરમાં વરસાદના લીધે વાતાવરણમાં પણ ઠંડક પ્રવર્તી હતી નગરજનોએ આકરા બફારામાં પણ રાહત અનુભવી હતી. સવારથી અત્યાર સુધી વાદળિયુ વાતાવરણ રહ્યુ હતુ. જયારે વરસાદી વાદળોની સાથે નગરમાં હરિયાળા વાતાવરણ વચ્ચે અનોખો નઝારો સર્જાયો હતો. નગર જાણે હીલ સ્ટેશનની જેમ નિખર્યુ હતુ. શહેરમાં રવિવારે રાત્રિ દરમિયાન ૪૨ મી મી વરસાદ વરસ્યો હતો. જયારે સવારે ૮ :૩૦ થી સાંજે ૫ :૩૦ કલાક દરમિયાન ૨૮ મી મી વરસાદ વરસ્યો હતો છેલ્લા ૨૪ કલાક દરમિયાન શહેરમાં ૭૦ મી મી વરસાદ વરસ્યો હતો. શહેરમાં સિઝનનો કુલ ૭૧૧ મીમી વરસાદ

● અનુસંધાન પાન-૭ પર

સંત સરોવરમાં સવારે પાણી પહોંચશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના ગોંદરે બનાવેલ સંત સરોવર યોજનામાં પાણી સવારે પહોંચશે. આજે સવારના સમયે સારા વરસાદને પગલે લાકરોડા વિયરમાંથી ૮૦૦ કયુસેક પાણી છોડવામાં આવતું હતું બપોર પછી વરસાદનું જોર ઘટતાં અને પાણીની આવકમાં પણ થોડોક ઘટાડો થતાં સાંજે ૪૦૦ થી ૪૫૦ કયુસેક પાણી છોડવામાં આવતું હતું.

સાબરમતી નદીનો પટ વિશાળ હોવાથી તેમજ લીઝધારકો દ્વારા થયેલા રેતી ખનનને પગલે પાણી પહોંચવામાં વિલંબ થઈ રહ્યો છે. જો ક ભારે વરસાદની આગાહી અને ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને કારણે સવાર સુધીમાં સાબરમતી નદી પર બાંધવામાં આવેલ સંત સરોવરમાં પાણી પહોંચશે.

મળતા અહેવાલો પ્રમાણે સાંજે પાંચ વાગ્યા સુધીમાં પીંપળજ સુધી પાણીનો પ્રવાહ આવી ગયો છે. અને જે પાણી છોડવામાં આવી રહ્યું છે તે જોતાં સવારે અથવા રવિવારે મોડી રાત્રે પાણી પહોંચી જશે. ગાંધીનગર સંત સરોવર અને પીંપળજ વચ્ચે ૭ થી ૧૦ કિમીનું અંતર છે.

ગાંધીનગર શહેર અને આસપાસના ૩૦થી વધુ ગામોના પાણી રિચાર્જ થાય તે માટે આ યોજના રૂ. ૧૦૦ કરોડથી પણ વધુના ખર્ચે બનાવવામાં આવી છે. આ સરોવરમાં એકત્ર થયેલ પાણીથી રિચાર્જની પ્રક્રિયામાં ઘણો સુધારો થયો છે અને ભુગર્ભ જળના સ્તર ઉંચા આવ્યા છે.

જિલ્લામાં સરેરાશ ત્રણ ઈંચ વરસાદ નોંધાયો

માણસા શહેરમાં આંબા તળાવની સપાટી વધતાં ૬૦ લોકોને સલામત સ્થળે ખસેડાયા : માણસાના ધોળાકુવા ગામે વરસાદી પાણીના નિકાલ માટે જેસીબી સાથે ટીમો કામે લાગી : માણસામાં પાંચ ઈંચ વરસાદ તો કલોલમાં ૩ ઈંચ, ગાંધીનગરમાં અઢી ઈંચ અને દહેગામમાં પણ પોણા બે ઈંચ વરસાદ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે મઘા નક્ષત્રમાં થયેલ શ્રીકાર વર્ષાથી સૌ કોઈના મુખ પર ખુશીનો માહોલ છવાયેલો જોવા મળ્યો હતો.

જિલ્લાના ચારેય તાલુકામાં શ્રીકાર વર્ષાથી ખેડૂત સહિત ગ્રામ્ય વિસ્તારના તળાવોમાં પણ નવા પાણીની આવકથી લોકોએ તેનો હર્ષથી સ્વીકાર કર્યો છે. આજે સાંજે ચાર વાગ્યા સુધીમાં તો સમગ્ર જિલ્લામાં સરેરાશ ૩ ઈંચથી પણ વધુ વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૩ ઈંચ કરતાં વધુ વરસાદ આ સિઝનમાં અત્યાર સુધીમાં ત્રણેક વખત નોંધાયો છે. આજે માણસામાં સાંજે ૬ વાગ્યા સુધીમાં પાંચ ઈંચ વરસાદ નોંધાયો હતો તો કલોલમાં ૭૮ મી.મી. અર્થાત ત્રણ

ઈંચ વરસાદ, ગાંધીનગરમાં અઢી ઈંચ અને દહેગામમાં પોણા બે ઈંચ વરસાદ નોંધાયો છે.

આજે સવારે ૬ વાગ્યાથી જ મેઘ મ્હેર જિલ્લામાં શરૂ થઈ ગઈ હતી. માણસામાં તો ૮ વાગ્યા સુધીમાં બે ઈંચ વરસાદ થઈ ચુક્યો હતો. આ પછી ૮ થી ૧૦ વાગ્યા સુધીમાં બીજો દોઢ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. આમ ચાર કલાકમાં જ સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાતાં તાલુકો તરબતર બની ગયો હતો.

માણસા શહેરમાં આવેલ આંબા તળાવમાં પાણીની સપાટીમાં વધારો થતાં નગરપાલિકાના તંત્ર દ્વારા ૬૦ જેટલા લોકો જે નીચાણવાળા વિસ્તારમાં રહે છે તેમનું સ્થળાંતર કરી અને નગરપાલિકાના કોમ્યુનીટી હોલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ ઉપરાંત માણસા તાલુકાના ધોળાકુવા ગામ નજીક પણ પાણી ભરાઈ જતાં તાલુકા વિકાસ અધિકારી સુશ્રી જયાબેન કાપડિયા અને તેમની ટીમે તાબડતોબ જેસીબી અને અન્ય

● અનુસંધાન પાન-૭ પર

વ્યક્તિલક્ષી વિકાસ યોજનાના લાભાર્થીઓની ચકાસણી કરાશે

ગાંધીનગર, તા. ૨૩

વ્યક્તીલક્ષી વિકાસ યોજનાના લાભાર્થીઓને મળેલા લાભો અને તેમના જીવનમાં આવેલા બદલાવ અંગે રાજ્ય સરકારે તપાસ કરવાનો નિર્ણય કર્યો છે.

રાજ્યના પંચાયત વિભાગે છેલ્લા ત્રણ વર્ષના આવા વ્યક્તીલક્ષી લાભાર્થીઓની ચકાસણી કરી અને તેના અહેવાલ રાજ્ય સરકારને મોકલી આપવા માટેની સૂચનાઓ આપી છે.

નાયબ જિલ્લા વિકાસ અધિકારી (વિકાસ) દ્વારા આ અંગે તપાસ હાથ ધરવામાં આવશે. આ માટે તાલુકા અને ગામના લાભાર્થીઓની યાદીની પસંદગી રાજ્યકક્ષાએથી સૂચનાઓ મળે તે પ્રમાણે કરવાની રહેશે. ૩૧ ઓગષ્ટ સુધીમાં આ અંગે તપાસ કરી પોતાનો અહેવાલ નાયબ જિલ્લા વિકાસ અધિકારીએ આપવાનો રહેશે.

મળતી વિગતો પ્રમાણે આવી યોજનામાં લાભાર્થીઓની પસંદગી યોગ્ય રીતે થઈ છે કે કેમ ? ગ્રામસભાએ તેની મંજૂરી આપી હતી કે કેમ ? ગ્રામસભામાં લાભાર્થીઓની પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવી હતી કે કેમ ? ચૂકવણી લાભની યોગ્ય સમયે જ થઈ છે કે કેમ ? ચૂકવણી દરમ્યાન કોઈપણ પ્રકારની ગેરરીતિ થઈ છે કે કેમ ?

વ્યક્તીલક્ષી યોજનાના લાભાર્થીઓને જે લાભ અપાયો છે તેનાથી ભૌતિક સુવિધાઓમાં કોઈ બદલાવ આવ્યો છે કે કેમ ? વ્યક્તીલક્ષી યોજનાના લાભાર્થીના જીવન ધોરણમાં પણ બદલાવ જોવા મળ્યો છે કે કેમ ?

આ બધી બાબતોની સર્વગ્રાહી તપાસ કરવાના આદેશ કરવામાં આવતાં તંત્ર હવે ધીમી ગતિએ વહીવટી તંત્રને વેગીલુ બનાવવા માટે આગળ ધપી રહેલ છે.

જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાઓમાં વ્યક્તીલક્ષી લાભાર્થીઓને લાભોનું વિતરણ મોટા પાયે થયુ હતુ. સરકારે પણ તેણે લાભાર્થીઓને આપેલ લાભો પહોંચ્યા છે કે નહિ તેની તપાસ કરવાનું મુનાસિબ માન્યુ હોવાથી આ અંગેના આદેશો કરવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૩ કેસ યુવાધન કોરોનાની ઝપટમાં

૧૨ ને ડિસ્ચાર્જ અપાયુ : ગાંધીનગર તાલુકામાં ૬, માણસામાં ૬ અને કલોલમાં ૧ કેસ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના વધુ ૧૩ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અને તેમાંય માણસા અર્બન અને માણસા ગ્રામ્યમાં જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં ૬, માણસામાં ૬ અને કલોલમાં ૧ કેસ આજે નોંધાયો છે.

ગાંધીનગર તાલુકાના આદરજ મોટી ગામેથી એક ૨૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તાલુકાના સરઢવ ગામેથી પણ ઘણા દિવસો બાદ વધુ એક કેસ કોરોનાનો મળી આવ્યો છે. ૭૧ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

છાલા ગામેથી પણ ૧૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો સુઘડ ગામેથી એક ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કોરોના માટે હોટ સ્પોટ બની ચુકેલ અને પાટનગરને અડીને આવેલ સરગાસણ ગામેથી આજે બે કેસ કોરોનાના પોઝીટીવ મળી આવ્યા છે. એક ૩૮ વર્ષીય યુવાન અને એક ૬૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

માણસા તાલુકામાં આજે અર્બન વિસ્તારમાંથી એક સાથે ૬ કેસ નોંધાતા તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. માણસામાં જે ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા સતત વધી રહી છે. આજે નોંધાયેલા ૬ કેસમાં ૪ કેસ મહિલા દર્દીઓના છે જેથી તંત્રની ચિંતામાં પણ વધારો થયો છે.

મળતી વિગતો પ્રમાણે અર્બન વિસ્તારમાંથી ૮૦ વર્ષીય વૃદ્ધા, ૧૫ વર્ષીય યુવાન, ૩૮ વર્ષીય મહિલા, ૫૫ વર્ષીય મહિલા, ૩૧ વર્ષીય યુવાન તેમજ ૫૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક જ કેસ નોંધાયો છે. એક જ કેસ નોંધાતા તંત્રએ પણ રાહત અનુભવી છે.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં કોરોનાના વધુ ૮ કેસ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં કોરોનાના વધુ ૮ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૭૧૩ થઈ છે.

આજે સે. ૩ માં બે કેસ, ઉપરાંત સે. ૬, ૧૯, ૨૮, સે. ૮ અને સે. ૧૪ માંથી કેસો મળી આવ્યા છે. શહેરમાં વધતા જતા કેસોને લઈ તંત્રની ચિંતા વધી છે પણ રિકવરી રેટ સારો હોવાથી તંત્રને રાહત છે. આજે વધુ ૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૮ માંથી એક ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી મોબાઈલ ફોનના માર્કેટીંગ સાથે સંકળાયેલો હોવાનું જાણવા મળેલ છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૩ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૮ માંથી એક ૬૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ મહિલાના પરિવારના પાંચ સભ્યોને પણ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

કુડાસણ ખાતે દરજીકામ કરતો અને સે. ૧૯ માં રહેતા એક ૩૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

આજે એક શ્રમિકનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. ૩૯ વર્ષીય આ શ્રમિકનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્રએ તેને સારવાર માટે સિવિલમાં ખસેડાયો છે. તંત્રએ તેના પરિવારના ૩ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૧૪ માં રહેતા અને કોમ્પ્યુટર એન્જીનીયર તરીકે કામ કરતા એક ૨૯ વર્ષીય યુવકનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ યુવાનને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યો છે. તંત્રએ આ યુવાનના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૩ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. સે. ૩ માં કેસોની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. તંત્રએ આ સેકટરમાં સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે.

મળતી વિગતો પ્રમાણે એક ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ દર્દીના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

આ ઉપરાંત સે. ૩ માંથી એક નિવૃત્ત ૬૦ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

શહેરના સે. ૬ માં રહેતી અને સર્વ શિક્ષા અભિયાનમાં એન્જીનીયર તરીકેની કામગીરી કરતી એક ૩૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ મહિલા દર્દીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

આજે નોંધાયેલા કેસોમાં વધુ પાંચ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ સંખ્યા હવે ૫૫ જેટલી થવા જાય છે. શહેરમાં હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારતા દર્દીઓની સંખ્યા વધી રહી છે.

શહેરમાં સઘન સર્વેલન્સ તેમજ ધન્વન્તરી રથ દ્વારા આરોગ્યની ચકાસણી અને ટેસ્ટીંગનું પ્રમાણ વધારવાને કારણે પરિસ્થિતિ પર કાબુ આવી રહ્યાનો દાવો તંત્ર કરી રહેલ છે. શહેરમાં રિકવરી રેટ પણ સારો હોવાનો દાવો પણ તંત્ર કરી રહ્યુ છે. હાલ ૧૩૩ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૫૬૫ જેટલા દર્દીઓ રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

સે. ૩ માં બે કેસ ઉપરાંત સે. ૧૯, ૬, ૨૮, ૮ અને ૧૪માંથી કેસ મળ્યા

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com